અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

ગિલ્બર્ટ પરેરા

વિ.

સ્ટેટ ઓફ કર્ણાટક

૨૪ ઓગસ્ટ, ૨૦૦૪

[પી. વેંકટરામા રેડ્ડી અને બી.પી. સિંહ, ન્યાયમૂર્તિઓ.]

પીનલ કોડ, ૧૮૬૦:

કલમો ૩૦૨ અને ૩૯૭—ખૂન—લૂંટ અથવા ધાડ—પરિસ્થિતિજન્ય પુરાવો—એક યુવાન છોકરીનું ખૂન અને તેના સોનાના ઘરેણાંની લૂંટ—મૃતક છોકરીના પિતાએ તેને બનાવના થોડા સમય પહેલાં તેના નાળિયેરના બગીચામાંથી પોતાના ઘરે મોકલી હતી—બનાવના થોડા સમય પછી ગામમાં

ગુનાના સ્થળ નજીક આરોપી જોવા મળ્યો હતો—એક મકાનના બાથરૂમમાંથી મૃતકનું શબ મળી આવ્યું હતું, જેમાં આરોપીને પ્રવેશ હતો, કારણ કે તે માલિકના ભાઈનો પુત્ર હતો—જ્યારે મૃતકનું શબ મળી આવ્યું ત્યારે તેણે પહેરેલા સોનાના ઘરેણાં ગાયબ હતા—આ ઘરેણાં અને એક છરી આરોપીની દોરવણીથી કબજે કરવામાં આવ્યા હતા—આરોપીએ તેના પિતા સમક્ષ વધારાની-ન્યાયિક કબૂલાત કરી હતી કે તેણે મૃતકની હત્યા કરી હતી—છરી પર, આરોપીના કપડાં પર તેમજ મૃતકના કપડાં પર મળેલા લોહીના ડાઘ એબી જૂથના માનવ રક્તના હતા જ્યારે મૃતકનું રક્ત એ+ હતું—આરોપીના શરીર પર ઈજાઓ મળી આવી હતી—આરોપી તેના બંને હાથની આંગળીઓની વિકૃતિથી પીડાતો હતો—ટ્રાયલ કોર્ટે ફરિયાદપક્ષના કેસને એ આધારે નકારી કાઢ્યો કે આરોપી તેની શારીરિક અક્ષમતાને ધ્યાનમાં લેતાં ગુનો કરી શક્યો ન હોત—ટ્રાયલ કોર્ટે, તેથી, આરોપીને આઈપીસીની કલમો ૩૦૨ અને ૩૯૭ હેઠળ નિર્દોષ જાહેર કર્યો પરંતુ કલમ ૩૭૯ હેઠળ તેને દોષિત ઠેરવ્યો—પરંતુ હાઈકોર્ટે આરોપીને કલમ ૩૦૨ હેઠળ દોષિત ઠેરવ્યો—યથાર્થતા—ઠેરવેલ: જોકે આરોપી શારીરિક રીતે અક્ષમ વ્યક્તિ છે છતાં તે પોતાના હાથનો ઉપયોગ કરવા માટે સંપૂર્ણ સક્ષમ છે કારણ કે તેના હાથમાં કોઈ અસાધારણતા નથી—આરોપી વિરુદ્ધ સાબિત થયેલા સંજોગો નિર્ણાયક સ્વરૂપના છે, જે માત્ર તેના દોષની પૂર્વધારણા સાથે સુસંગત છે—એકવાર આરોપીનો એ બચાવ કે તે પોતાની શારીરિક અક્ષમતાને કારણે ગુનો કરવા સક્ષમ ન હતો તે નકારી કાઢવામાં આવે, પુરાવા અધિનિયમની કલમ ૧૧૪ હેઠળનું અનુમાન પણ કરી શકાય—દરેક સંજોગ ગુનાહિત સ્વરૂપનો છે અને

સંજોગોની સંપૂર્ણતા આરોપીના દોષને નિર્ણાયક રીતે સ્થાપિત કરે છે—આથી, કલમ ૩૦૨ હેઠળ દોષસિદ્ધિ વાજબી છે—એવિડન્સ એક્ટ, ૧૮૭૨, કલમ ૧૧૪.

ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ, બનાવના થોડા સમય પહેલાં મૃતકને તેના પિતા દ્વારા તેમના નાળિયેરના બગીચામાંથી પોતાના ઘરે મોકલવામાં આવી હતી. તેણે તેના પિતા માટે ચા લાવવાની હતી. જોકે, તે ઘરે પરત ફરી ન હતી અને તેના પિતાએ તેની શોધખોળ શરૂ કરી હતી.

ત્યારબાદ, ફરિયાદી સાક્ષી –૧૭ ના બાથરૂમમાં મૃતકનું શબ પડેલું મળી આવ્યું હતું. ફરિયાદી સાક્ષી –૧૭ ના મકાનની દેખરેખ તેના ભાઈ (ફરિયાદી સાક્ષી –૧૩) દ્વારા રાખવામાં આવતી હતી જેને મકાનની ચાવીઓ સોંપવામાં આવી હતી. અપીલકર્તા–આરોપી ફરિયાદી સાક્ષી –૧૩ નો પુત્ર હતો જેને ફરિયાદી સાક્ષી –૧૭ ના મકાનમાં પ્રવેશ હતો.

ફરિયાદપક્ષનો વધુ કેસ એવો હતો કે બનાવના થોડા સમય પછી ગામમાં ગુનાના સ્થળ નજીક આરોપી જોવા મળ્યો હતો. જ્યારે મૃતકનું શબ મળી આવ્યું ત્યારે તેણે પહેરેલા સોનાના ઘરેણાં ગાયબ હતા. આ સોનાના ઘરેણાં અને એક

છરીની કબજેદારી અપીલકર્તાની દોરવણીથી થઈ હતી. અપીલકર્તાએ ફરિયાદી સાક્ષી –૧૩ સમક્ષ વધારાની–ન્યાયિક કબૂલાત કરી હતી કે તેણે મૃતકની હત્યા કરી હતી. આરોપીના શરીર પર પણ ઈજાઓ મળી આવી હતી. આરોપીના કપડાં પર તેમજ મૃતકના કપડાં અને છરી પર મળેલા લોહીના ડાઘ એબી જૂથના માનવ રક્તના હતા જ્યારે મૃતકનું રક્ત એ+ હતું.

ટ્રાયલ કોર્ટે શોધી કાઢ્યું કે અપીલકર્તા, તેના બંને હાથની આંગળીઓમાં વિકૃતિના કારણે, બંનેમાંથી કોઈપણ હાથ વડે મજબૂત પકડ સાથે કોઈપણ વસ્તુ પકડી શકતો ન હતો. ટ્રાયલ કોર્ટે, તેથી, આરોપીને પીનલ કોડ, ૧૮૬૦ ની કલમો ૩૦૨ અને ૩૯૭ હેઠળના ગુનાઓમાંથી નિર્દોષ જાહેર કર્યો પરંતુ તેને આઈપીસીની કલમ ૩૭૯ હેઠળ દોષિત ઠેરવ્યો. જોકે, હાઈકોર્ટે અપીલકર્તાને આઈપીસીની કલમો ૩૦૨ અને ૩૯૭ હેઠળ દોષિત ઠેરવ્યો. આથી અપીલ.

અપીલ ફગાવતાં, કોર્ટે

ઠેરવેલ: ૧. મૃતકના કપડાં, અપીલકર્તાના કપડાં અને છરી માનવ મૂળના સમાન રક્ત જૂથથી ખરડાયેલા મળી આવ્યા હોવાથી તે દર્શાવે છે કે જ્યારે મૃતક

જીવલેણ રીતે ઘાયલ થઈ ત્યારે આરોપી તેની ખૂબ નજીક હતો. આ પોતે જ અપીલકર્તા વિરુદ્ધ એક મજબૂત ગુનાહિત સંજોગ હતો. [૭૨૩–એ–બી]

અશોક કુમાર વિ. *સ્ટેટ (દિલ્હી એડમિનિસ્ટ્રેશન),* [૧૯૯૫] સપ્લિ. ૩ એસ.સી.સી. ૬૨૬, આધાર રાખવામાં આવેલ.

૨. ફરિયાદપક્ષ દ્વારા સાબિત કરવા માંગવામાં આવેલ ગુનાહિત સંજોગ એ હતો કે ઘટનાના તરત જ પછી અપીલકર્તાના શરીર પર ઈજાઓ મળી આવી હતી, જે એ હકીકતનું સૂચક હતું કે મૃતકની હત્યા પહેલાં થયેલી ઝપાઝપી દરમિયાન, તેને તે ઈજાઓ થઈ હોઈ શકે છે. આ સંજોગ, જો સાબિત થાય તો, આરોપી વિરુદ્ધ સાબિત થયેલા ગુનાહિત સંજોગોની સાંકળમાં વધુ એક સંજોગ ઉમેરીને ફરિયાદપક્ષના કેસને સમર્થન આપે છે. ફરિયાદપક્ષ માટે તે ઘટનાની વિગતો આપવી શક્ય ન હતી જેમાં ઈજાઓ થઈ હતી અને જે રીતે તે થઈ હતી, કારણ કે ઘટનાનો કોઈ સાક્ષી ન હતો. ફરિયાદપક્ષ માત્ર એક ગુનાહિત સંજોગ તરીકે એ હકીકત સ્થાપિત કરી શક્યો કે અપીલકર્તાને ઈજાઓ થઈ હોવાનું જણાયું હતું, જે તે જ ઘટના દરમિયાન થઈ હોઈ શકે છે, અને આ સંજોગને ટ્રાયલ વખતે સાબિત થયેલા અન્ય સંજોગો સાથે ધ્યાનમાં લેવાનો હતો. આ સંજોગે વધુમાં વધુ અપીલકર્તાના દોષ તરફ નિર્દેશ કરતી ગુનાહિત સંજોગોની સાંકળમાં એક વધારાની કડી પૂરી પાડી. [૭૨૮–એફ–એચ; ૭૨૯–એ–બી]

૩.૧. ટ્રાયલ કોર્ટે, અપીલકર્તા વિરુદ્ધ ઘણા સંજોગો સાબિત થયેલા જણાયા હોવા છતાં, એ આધારે ફરિયાદપક્ષના કેસને નકારી કાઢ્યો કે અપીલકર્તા ભોગવતો હતો તે શારીરિક અક્ષમતાને ધ્યાનમાં લેતાં, તે એવો ગુનો કરી શક્યો ન હોત જેમાં તેના હાથમાં છરી પકડવી અને પૂરતા બળના ઉપયોગ સાથે મૃતક પર ઘા મારવાનો સમાવેશ થતો હતો. [૭૩૦–સી]

૩.૨. એમાં કોઈ શંકા નથી કે અપીલકર્તા એક શારીરિક રીતે અક્ષમ વ્યક્તિ છે કારણ કે તે બંને હાથની આંગળીઓની વિકૃતિથી પીડાય છે. જ્યાં સુધી હાથ (આર્મ્સ) નો સંબંધ છે, ત્યાં કોઈ અસાધારણતા નથી અને, તેથી, તે અન્ય કોઈપણ સામાન્ય વ્યક્તિની જેમ પોતાના હાથનો ઉપયોગ કરવા માટે સંપૂર્ણ સક્ષમ છે. હકીકત એ છે કે તે તેના બંનેમાંથી કોઈપણ હાથ વડે મજબૂત પકડ સાથે કોઈપણ વસ્તુ પકડવા સક્ષમ નથી તેનો અર્થ એ નથી કે તે ઓછામાં ઓછું તેના જમણા હાથમાં છરી પકડી શકતો નથી. તેનો જમણો અંગૂઠો અને તર્જની આંગળી પૂરતા પ્રમાણમાં મજબૂત છે. રેકર્ડ પરનો પુરાવો એ પણ સાબિત કરે છે કે તે પેન પકડીને પોતાના હાથથી લખી શકે છે. તે ચમચી પકડીને પોતાનું ભોજન પણ લઈ શકે છે. જો અપીલકર્તા માટે આ બધી બાબતો કરવી શક્ય હોય, તો મૃતકના શરીર પર મળેલી ઈજાઓ તે કેમ ન કરી શક્યો હોત તે સમજવામાં નિષ્ફળ જવાય છે. એ સામાન્ય અનુભવ છે કે જન્મથી શારીરિક રીતે

અક્ષમ વ્યક્તિઓ, જરૂરિયાત મુજબ, સામાન્ય વ્યક્તિ જે રીતે કરે છે તે જ રીતે વસ્તુઓ કરવાની પોતાની પદ્ધતિઓ અપનાવે છે. રેકર્ડ પરના પુરાવાને ધ્યાનમાં લેતાં એમાં કોઈ શંકા નથી કે તેણે ગુનો કર્યો જ હોવો જોઈએ. [૭૩૩–એ–ડી]

૪. જોકે આરોપી વિરુદ્ધ સાબિત થયેલા સંજોગો નિર્ણાયક સ્વરૂપના છે, જે તેના દોષ સાથે સુસંગત છે, પરંતુ એકવાર તેનો એ બચાવ કે તે પોતાના દ્વારા ભોગવવામાં આવતી શારીરિક અક્ષમતાને કારણે ગુનો કરવા સક્ષમ ન હતો તે નકારી કાઢવામાં આવે, એવિડન્સ એક્ટ, ૧૮૭૨ ની કલમ ૧૧૪ હેઠળનું અનુમાન પણ કરી શકાય. હાલના કેસમાં, પુરાવો દર્શાવે છે કે ઘટનાના માત્ર થોડા કલાકો પછી, અપીલકર્તાએ ફરિયાદી સાક્ષી –૧૧ ને સોનાની ચેઇન વેચી હતી, જેમના કબજામાંથી સોનાની ચેઇન માત્ર ૪ દિવસ પછી અપીલકર્તાની દોરવણીથી કબજે કરવામાં આવી હતી, જેની પાસે મૃતકની સોનાની ચેઇન તેના કબજામાં કેવી રીતે આવી તે અંગે આપવા માટે કોઈ ખુલાસો ન હતો. ઉપર દર્શાવેલ અન્ય સંજોગો સાથે જોડાયેલ આ અનુમાન, ખાસ કરીને આરોપીના હાથ પરની અસ્પષ્ટ ઈજાઓ અને મૃતક તેમજ આરોપીના કપડાં પર એક જ જૂથનું લોહી મળી આવવું, વધુ એક અનુમાનને જન્મ આપે છે કે સોનાના ઘરેણાં હટાવવા અને મૃતક પર જીવલેણ હુમલો એક જ વ્યવહારના ભાગરૂપે થયા હોવા જોઈએ. [૭૩૩–જી–એચ; ૭૩૪–એ–સી]

૫. અપીલકર્તા વિરુદ્ધ સાબિત થયેલા ગુનાહિત સંજોગો સંજોગોની એક સંપૂર્ણ સાંકળ બનાવે છે, જે માત્ર અપીલકર્તાના દોષની પૂર્વધારણા સાથે સુસંગત છે. દરેક સંજોગ ગુનાહિત સ્વરૂપનો છે અને સંજોગોની સંપૂર્ણતા અપીલકર્તાના દોષને નિર્ણાયક રીતે સ્થાપિત કરે છે. [૭૩૪–સી–ડી]

ક્રિમિનલ અપીલ ક્ષેત્રાધિકાર : ક્રિમિનલ અપીલ નં. ૭૫૨/૨૦૦૩.

કર્ણાટક હાઇકોર્ટના ક્રિ. અ. નં. ૮૭/૯૭ માં તા. ૩૦.૧૦.૨૦૦૨ ના ચુકાદા અને હુકમમાંથી.

ડી.પી. ચતુર્વેદી, એસ.એન. ભટ અને એન.પી.એસ. પંવાર, અપીલકર્તા તરફથી.

સિદ્ધાર્થ દવે અને સંજય આર. હેગડે, સામાવાળા તરફથી.

કોર્ટનો ચુકાદો ન્યાયમૂર્તિ બી.પી. સિંહ દ્વારા આપવામાં આવેલ.

ન્યાયમૂર્તિ બી.પી. સિંહ : અપીલકર્તા ગિલ્બર્ટ પરેરા પર એક યુવાન છોકરી મેરિટા માગરિટ પરેરાનું ખૂન કરવા અને તેના સોનાના ઘરેણાંની લૂંટ કરવા બદલ આઇપીસીની કલમો ૩૦૨ અને ૩૯૭ હેઠળના ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યા બાદ ફર્સ્ટ એડિશનલ સેશન્સ જજ, ડી.કે., મેંગલોર દ્વારા કેસ ચલાવવામાં આવ્યો હતો. વિદ્વાન એડિશનલ સેશન્સ જજે તેને આઇપીસીની કલમો ૩૦૨ અને ૩૯૭ હેઠળના આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યો પરંતુ તેને આઇપીસીની કલમ ૩૭૯ હેઠળના ગુના માટે દોષિત ઠેરવ્યો, કારણ કે તેમણે શોધી કાઢ્યું કે મૃતકના ખૂન પહેલાં થોડા સમય અગાઉ તેણે પહેરેલા સોનાના ઘરેણાં, અને જે તેના ખૂન પછી ગાયબ હોવાનું જણાયું હતું, તે અપીલકર્તાની દોરવણીથી કબજે કરવામાં આવ્યા હતા જે સદર ઘરેણાં તેના કબજામાં કેવી રીતે આવ્યા તે અંગે કોઈ વિશ્વસનીય ખુલાસો આપી શક્યો ન હતો. તદનુસાર, તેને આઇપીસીની કલમ ૩૭૯ હેઠળના ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યો અને બે વર્ષની સખત કેદ અને રૂ. ૨૦૦૦ નો દંડ ભરવાની અને કસૂર થયે ત્રણ મહિનાના સમયગાળા માટે સખત કેદ ભોગવવાની સજા કરવામાં આવી.

કર્ણાટક રાજ્યએ નિર્દોષ છૂટવાના હુકમ વિરુદ્ધ કર્ણાટક હાઇકોર્ટમાં અપીલ દાખલ કરી જે ક્રિમિનલ અપીલ નં. ૮૯/૧૯૯૭ હતી. હાઇકોર્ટે ૩૦ ઓક્ટોબર, ૨૦૦૨ ના પોતાના ચુકાદા અને હુકમ દ્વારા અપીલ મંજૂર કરી,

અપીલકર્તાને નિર્દોષ છોડવાનો હુકમ રદ કર્યો અને તેને આઇપીસીની કલમ ૩૦૨ હેઠળના ગુના માટે આજીવન કેદ અને રૂ. ૧૦૦૦ નો દંડ ભરવાની સજા કરી. તેને આઇપીસીની કલમ ૩૯૭ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે સાત વર્ષની સખત કેદ ભોગવવાની સજા પણ કરવામાં આવી. સજાઓ એકસાથે ચાલવાનો હુકમ કરવામાં આવ્યો હતો. રૂ. ૧૫૦૦ નો દંડ ન ભરવાના કિસ્સામાં અપીલકર્તાને ત્રણ મહિનાની સાદી કેદ ભોગવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

અમે શરૂઆતમાં જ નોંધી શકીએ છીએ કે અપીલકર્તા વિરુદ્ધનો આરોપ પરિસ્થિતિજન્ય પુરાવા દ્વારા સાબિત કરવા માંગવામાં આવ્યો હતો કારણ કે જે બનાવમાં મેરિટાનું ખૂન કરવામાં આવ્યું હતું તેનો કોઈ સાક્ષી ન હતો. ફરિયાદપક્ષનો કેસ એવો છે કે મેરિટા (મૃતક) ઉડુપી તાલુકાના યેનાગુડ્ડે ગામના ચોક્કાડી ખાતે તેના માતાપિતા સાથે રહેતી હતી. તેના પિતા થોબિયાસ પરેરા ફરિયાદી સાક્ષી –૧ એક ખેડૂત હતા. ૬ એપ્રિલ, ૧૯૯૫ ના રોજ સવારે લગભગ ૭ વાગ્યે મેરિટા નાળિયેરના ઝાડને પાણી પીવડાવવા માટે તેના પિતા સાથે નાળિયેરના બગીચામાં ગઈ હતી. તેઓએ થોડો સમય કામ કર્યા પછી, સવારે લગભગ ૯.૧૫ વાગ્યે ફરિયાદી સાક્ષી –૧ એ મેરિટા (મૃતક) ને એક પ્લાસ્ટિક કેરોસીન કેન અને નાયલોનની થેલીમાં કેટલાક ઓજારો સાથેનો બીજો નાનો કેન આપીને તેમના ઘરે મોકલી. તેણે આ વસ્તુઓ ઘરે મૂકીને નાળિયેરના બગીચામાં

તેના પિતા ફરિયાદી સાક્ષી –૧ માટે ચા લાવવાની હતી. સવારે લગભગ ૧૧ વાગ્યા સુધી મેરિટા પાછી ન આવી અને, તેથી, ફરિયાદી સાક્ષી –૧ ચિંતિત થયા અને તેની શોધખોળ શરૂ કરી. તેમને તેમની પત્ની પાસેથી જાણવા મળ્યું કે મેરિટા ઘરે પાછી આવી ન હતી. ફરિયાદી સાક્ષી –૧ એ અન્યો સાથે મળીને સાંજે લગભગ ૭.૦૦ વાગ્યા સુધી તેની શોધખોળ કરી પરંતુ તેમને મેરિટાનો કોઈ પત્તો મળ્યો નહિ.

બીજી સવારે, તેઓએ ફરીથી શોધખોળ શરૂ કરી અને જ્યારે ફરિયાદી સાક્ષી –૧ ફરિયાદી સાક્ષી –૧૭ શ્રીમતી જુલિયાના ડી'સિલ્વાના મકાન નજીક આવ્યા ત્યારે તેમણે જોયું કે મકાનનો નાનો દરવાજો તાળું મારેલો ન હતો જે સામાન્ય રીતે તાળું મારેલો રહેતો હતો. તેમણે આ બાબતની જાણ ફરિયાદી સાક્ષી –૧૩ જોસેફ પરેરાને કરી જે ફરિયાદી સાક્ષી –૧૭ ના ભાઈ હતા અને ફરિયાદી સાક્ષી –૧૭ ની ગેરહાજરીમાં મકાનની દેખરેખ રાખતા હતા. ફરિયાદપક્ષનો કેસ એવો છે કે ફરિયાદી સાક્ષી –૧૭ મુંબઈના કાયમી રહેવાસી હતા અને પ્રસંગોપાત ગામની મુલાકાત લેતા હતા, અને તેમની ગેરહાજરીમાં મકાનની દેખરેખ તેમના ભાઈ ફરિયાદી સાક્ષી –૧૩ દ્વારા રાખવામાં આવતી હતી, જેમને મકાનની ચાવીઓ સોંપવામાં આવી હતી. અપીલકર્તા ઉપરોક્ત જોસેફ પરેરા ફરિયાદી સાક્ષી –૧૩ નો પુત્ર છે.

તે પછી થોડા જ સમયમાં, કેમિલ પરેરા ફરિયાદી સાક્ષી –૯ આવ્યા અને તેમને જાણ કરી કે મેરિટાનું શબ ફરિયાદી સાક્ષી –૧૭ ના મકાનના બાથરૂમમાં પડેલું મળી આવ્યું હતું. તરત જ, ફરિયાદી સાક્ષી –૧ સદર મકાન તરફ ગયા જ્યાં ઘણા લોકો એકઠા થયા હતા. તેમણે તેમની પુત્રી મેરિટાનું શબ બાથરૂમમાં તેની ગરદન પર અને તેના ડાબા કાન નીચે કાપેલા ઘા સાથે પડેલું જોયું. બાથરૂમમાં ચારે બાજુ લોહી જોવા મળ્યું હતું. તેમણે એ પણ જોયું કે મૃતકે પહેરેલો સોનાનો હાર અને કાનની કડીઓ ગાયબ હતા. કાળો પ્લાસ્ટિક કેરોસીન કેન ત્યાં પડેલો જોવા મળ્યો હતો. ફરિયાદી સાક્ષી –૧૩ જોસેફ પરેરા પણ હાજર હતા અને એવો આક્ષેપ છે કે તેમણે ફરિયાદી સાક્ષી –૧ ને જણાવ્યું હતું કે અગાઉની રાત્રે તેમનો પુત્ર પાટા બાંધેલા હાથ સાથે આવ્યો હતો અને પૂછપરછ કરતાં તેણે કબૂલાત કરી હતી કે તેણે મેરિટાની હત્યા કરી હતી.

મણિપાલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. ફરિયાદી સાક્ષી –૧૯ ને ઘટના અંગે જાણ થતાં ઘટનાસ્થળે આવ્યા અને થોબિયાસ પરેરા ફરિયાદી સાક્ષી –૧ નું નિવેદન નોંધ્યું જેના આધારે ઔપચારિક એફ.આઇ.આર. તૈયાર કરવામાં આવી અને ક્રાઇમ નં. ૫૧/૧૯૯૫ તરીકે ગુનો નોંધવામાં આવ્યો. ઉડુપીના સર્કલ પોલીસ ઇન્સ્પેક્ટર ફરિયાદી સાક્ષી –૨૧ એ કેસની તપાસ હાથ ધરી અને ફરિયાદી સાક્ષી –૫ એમિલિયા પરેરા અને અન્ય એક સાક્ષીની હાજરીમાં ઇન્ક્વેસ્ટ કાર્યવાહી હાથ ધરી. અપીલકર્તાની ધરપકડ કરવામાં આવી, અને તેણે

સ્વેચ્છાએ કરેલા નિવેદનને અનુસરીને આરોપીએ સોનાની કાનની કડીઓની એક જોડી (એમ.ઓ.–૭), એક સોનાની ચેઇન (એમ.ઓ.–૮), એક છરી (એમ.ઓ.–૧૪), નાયલોનની થેલી (એમ.ઓ.–૧૩), તેમાં રાખેલી કેટલીક વસ્તુઓ સાથેનો એક પ્લાસ્ટિક કેન (એમ.ઓ. નં. ૯ થી ૧૨) કબજે કરાવ્યા. તેના પેન્ટ અને શર્ટ પર લોહીના ડાઘ હોવાથી તે પણ એમ.ઓ. નં. ૧૫ અને ૧૬ તરીકે કબજે કરવામાં આવ્યા. એ.એસ.પી. ઉડુપી ફરિયાદી સાક્ષી –૨૦ એ પોસ્ટમોર્ટમ રિપોર્ટ મેળવ્યો હતો અને તે સાબિત કર્યો છે. ફરિયાદી ફરિયાદી સાક્ષી –૧ અને કેમિલ પરેરા ફરિયાદી સાક્ષી –૯ એ સોનાના ઘરેણાં મૃતકના હોવાનું ઓળખી બતાવ્યા. ફરિયાદી સાક્ષી –૧ એ અન્ય વસ્તુઓ પણ ઓળખી બતાવી જે તેમણે ઘરે રાખવા માટે તેણી સાથે મોકલી હતી.

અગાઉ અવલોકન કર્યા મુજબ મેરિટાનું ખૂન કરવામાં આવ્યું તે બનાવ કોઈએ જોયો ન હતો પરંતુ ફરિયાદપક્ષ કેટલાક સંજોગો પર આધાર રાખતો હતો જે તેના મતે અપીલકર્તાના દોષને નિર્ણાયક રીતે સાબિત કરતા હતા. ફરિયાદપક્ષ દ્વારા આધાર રાખવામાં આવેલ સંજોગો નીચે મુજબ હતા:–

૧. ફરિયાદી સાક્ષી –૧ એ બનાવના થોડા સમય પહેલાં મેરિટા (મૃતક) ને તેના નાળિયેરના બગીચામાંથી પોતાના ઘરે મોકલી હતી.

૨. બનાવના થોડા સમય પછી ગામમાં ગુનાના સ્થળ નજીક આરોપી જોવા મળ્યો હતો.

૩. તા. ૭.૪.૧૯૯૫ ના રોજ શ્રીમતી જુલિયાના ડી'સિલ્વા ફરિયાદી સાક્ષી –૧૭ ના મકાનના બાથરૂમ કમ શૌચાલયમાંથી શબ મળી આવ્યું હતું.

૪. બાથરૂમમાં શબ પડેલું મળી આવ્યું ત્યારે મૃતકે પહેરેલા સોનાના ઘરેણાં ગાયબ હતા.

૫. અપીલકર્તા પાસે મકાનમાં પ્રવેશ મેળવવાની અને મૃતકને મકાનની અંદર લઈ જવાની તક હતી.

૬. તા. ૭.૪.૧૯૯૫ ના રોજ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

૭. મૃતકના મૃત્યુ સમયે તેણે પહેરેલા સોનાના ઘરેણાં અને અન્ય ગુનાહિત વસ્તુઓ આરોપીની દોરવણીથી કબજે કરવામાં આવી હતી.

૮. આરોપીની વધારાની–ન્યાયિક કબૂલાત.

૯. આરોપી પર મળેલી ઈજાઓ.

ટ્રાયલ કોર્ટે રેકર્ડ પરના તબીબી પુરાવાના આધારે એવો નિષ્કર્ષ કાઢ્યો કે મેરિટાનું મૃત્યુ માનવવધ (હોમિસાઇડલ) હતું. તેણે પ્રથમ સંજોગ પણ સ્થાપિત થયેલો જોયો કારણ કે એ સાબિત કરવા માટે સારો પુરાવો હતો કે ફરિયાદી

ફરિયાદી સાક્ષી –૧ એ સવારે લગભગ ૯.૧૫ વાગ્યે પોતાની પુત્રીને તેના નાળિયેરના બગીચામાંથી પોતાના ઘરે મોકલી હતી અને મૃતકને ફરિયાદી સાક્ષી –૧૭ ના મકાન સામેના રસ્તા પરથી પસાર થવાનો પ્રસંગ હતો જેના બાથરૂમમાંથી તેનું શબ મળી આવ્યું હતું. ટ્રાયલ કોર્ટ દ્વારા વિચારવામાં આવેલ બીજો સંજોગ બનાવના થોડા સમય પછી આરોપી ગુનાના સ્થળ નજીક જોવા મળ્યો તે અંગે હતો. ફરિયાદપક્ષના કેસનો આ ભાગ ફરિયાદી સાક્ષી –૨ અને ફરિયાદી સાક્ષી –૩ ના પુરાવાના આધારે સાબિત કરવા માંગવામાં આવ્યો હતો. ફરિયાદી સાક્ષી –૨ એ જણાવ્યું કે સવારે લગભગ ૧૦ વાગ્યે જ્યારે તે પોતાના ઘરે આવી રહ્યો હતો, ત્યારે ફરિયાદી સાક્ષી –૧૭ ના મકાન સામેના રસ્તા પર તેણે અપીલકર્તાને કાટાપડીપેટ તરફ જતો જોયો હતો. ફરિયાદી સાક્ષી –૨ નું નિવેદન મૃતકનું શબ મળી આવ્યાના થોડા સમય પછી નોંધવામાં આવ્યું હતું. ફરિયાદી સાક્ષી –૩ એ જુબાની આપી કે સવારે લગભગ ૧૦.૩૦ વાગ્યે જ્યારે તે કાટાપડીપેટ જવા માટે બસ પકડવા બસ સ્ટેન્ડ તરફ જઈ રહ્યો હતો ત્યારે તેણે અપીલકર્તાને જંગલમાં જતો જોયો હતો. ટ્રાયલ કોર્ટે, આ સાક્ષીઓ પાસે અપીલકર્તાને ખોટી રીતે ફસાવવાનું કોઈ કારણ ન હોવાનું શોધીને, તેમની જુબાની સ્વીકારી. તેમની જુબાની એ રીતે પણ સુસંગત હતી કે ફરિયાદી સાક્ષી –૨ એ તેને અડધો કલાક પહેલાં ફરિયાદી સાક્ષી –૧૭ ના મકાન સામે જોયો હતો જ્યારે ફરિયાદી સાક્ષી –૩ એ તેને લગભગ અડધા કલાક પછી સદર મકાનથી લગભગ ૧–૧/૨ ફર્લાંગના અંતરે જોયો હતો. ટ્રાયલ કોર્ટે, તેથી, ઠરાવ્યું કે બીજો સંજોગ પણ ફરિયાદપક્ષ દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો હતો.

ત્રીજો સંજોગ ૭મી એપ્રિલ, ૧૯૯૫ ની સવારે ફરિયાદી સાક્ષી –૧૭ ના મકાનના બાથરૂમમાંથી મૃતકનું શબ મળી આવવા સાથે સંબંધિત હતો. આ હકીકત ઘણા સાક્ષીઓ એટલે કે ફરિયાદી સાક્ષી ૧, ૨, ૩, ૫, ૯, ૧૦, ૧૨, ૧૯ અને ૨૧ દ્વારા જણાવવામાં આવી છે. ફરિયાદી સાક્ષી –૧ પોતે ફરિયાદી છે જે પોતાના સાળા ફરિયાદી સાક્ષી –૯ પાસેથી સાંભળીને ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફરિયાદી સાક્ષી –૫ ઇન્ક્વેસ્ટ રિપોર્ટના સાક્ષી છે. ફરિયાદી સાક્ષી –૯ ફરિયાદીના સાળા છે જેમણે ફરિયાદી સાક્ષી –૧૭ ના મકાનમાં શબ મળ્યા અંગે ફરિયાદીને જાણ કરી હતી. ફરિયાદી સાક્ષી –૧૯ અને ફરિયાદી સાક્ષી –૨૧ પોલીસ અધિકારીઓ છે જેઓ ઘટના અંગેનો અહેવાલ મળતાં ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમના સિવાય, અન્ય સાક્ષીઓ હતા જેઓ ઘટનાસ્થળે એકઠા થયા હતા. ફરિયાદી સાક્ષી –૧૦ ગુનાના સ્થળના પંચનામાના સાક્ષી હતા, જ્યારે ફરિયાદી સાક્ષી –૧૨ ફરિયાદી સાક્ષી ડી. ના આસિસ્ટન્ટ એન્જિનિયર હતા જેમને પોલીસે ઘટનાસ્થળનો નકશો તૈયાર કરવા વિનંતી કરી હતી જે તેમણે તૈયાર કર્યો હતો (આંક પી–૧૩). આ સંજોગને સાબિત કરવા માટે રેકર્ડ પરના વિશાળ પુરાવાને ધ્યાનમાં રાખીને ટ્રાયલ કોર્ટે ઠરાવ્યું કે ફરિયાદપક્ષે આ સંજોગને પણ વાજબી શંકાથી પર સાબિત કર્યો છે.

ચોથો સંજોગ સોનાના ઘરેણાં ગાયબ થવા સાથે સંબંધિત હતો જે મૃતકે તેના મૃત્યુ સમયે પહેર્યા હતા. ટ્રાયલ કોર્ટે આ સંજોગ ફરિયાદી સાક્ષી –૧ ના પુરાવાના આધારે સાબિત થયેલો જોયો જેમણે જણાવ્યું હતું કે જ્યારે તેમણે પોતાની પુત્રીનું શબ પ્રથમ વખત જોયું ત્યારે તેમણે જોયું કે તેની સોનાની ચેઇન અને કાનની કડીઓ ગાયબ હતા. કબજે કરાયેલા સોનાના ઘરેણાં (એમ.ઓ. નં. ૭ અને ૮) તેમને બતાવવામાં આવ્યા હતા જે તેમણે પોતાની પુત્રીના હોવાનું ઓળખી બતાવ્યા હતા.

ફરિયાદપક્ષ દ્વારા સ્થાપિત કરવા માંગવામાં આવેલ પાંચમો સંજોગ એ હતો કે અપીલકર્તાને પ્રશ્નવાળા મકાનમાં પ્રવેશ હતો જ્યાંથી મૃતકનું શબ મળી આવ્યું હતું. ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ, મકાનના માલિક ફરિયાદી સાક્ષી –૧૭ સામાન્ય રીતે મુંબઈ ખાતે રહેતા હતા અને તેથી, તેમણે પોતાના મકાનની ચાવીઓ પોતાના ભાઈ ફરિયાદી સાક્ષી –૧૩ પાસે છોડી હતી. અપીલકર્તા ફરિયાદી સાક્ષી –૧૩ નો પુત્ર હતો અને, તેથી, તેને મકાનમાં પ્રવેશવાની પૂરતી તક હતી કારણ કે મકાનની ચાવીઓ તેના પિતા ફરિયાદી સાક્ષી –૧૩ પાસે રાખવામાં આવી હતી. મકાનની ચાવીઓ તેને ઉપલબ્ધ હતી અને તેથી, તે મકાનમાં પ્રવેશી શકતો હતો. ટ્રાયલ કોર્ટે નોંધ્યું કે ફરિયાદી સાક્ષી –૧૭ અને તેના ભાઈ ફરિયાદી સાક્ષી –૧૩ બંને ફરિયાદપક્ષ તરફ પ્રતિકૂળ (હોસ્ટાઇલ) બન્યા અને બાબતના મહત્ત્વપૂર્ણ પાસાઓ પર ફરિયાદપક્ષને સમર્થન આપ્યું

નહીં. ફરિયાદી સાક્ષી –૧૭ શ્રીમતી જુલિયાના ડી'સિલ્વાએ ઇનકાર કર્યો કે તેમણે પોતાના મકાનની ચાવીઓ પોતાના ભાઈ પાસે છોડી હતી જેમને જગ્યાની સંભાળ રાખવા વિનંતી કરવામાં આવી હતી. તેણીએ જણાવ્યું કે જોકે તેના મકાનની દેખરેખ તેના ભાઈ ફરિયાદી સાક્ષી –૧૩ દ્વારા રાખવામાં આવતી હતી, છતાં તેણીએ મકાનની ચાવી પોતાની પાસે રાખી હતી. તેણીએ ફરિયાદી સાક્ષી –૧૩ ને માત્ર મકાનના બે બહારના દરવાજા પર મારેલા તાળાઓની ચાવીઓ આપી હતી, અને મકાનના મુખ્ય દરવાજા પર મારેલા તાળાની ચાવી આપી ન હતી.

ફરિયાદી સાક્ષી –૧૩ પણ તપાસ દરમિયાન કરેલા પોતાના નિવેદન પરથી ફરી ગયો અને જણાવ્યું કે મકાનના મુખ્ય દરવાજા પર મારેલા તાળાની ચાવી ફરિયાદી સાક્ષી –૧૭ પાસે હતી અને તેની પાસે ન હતી. તેણે સ્વીકાર્યું કે તે ફરિયાદી સાક્ષી –૧૭ ની ગેરહાજરીમાં મકાનની દેખરેખ એ અર્થમાં રાખતો હતો કે તે નાળિયેરના ઝાડ અને કમ્પાઉન્ડની સંભાળ રાખતો હતો પરંતુ તેની પાસે મકાનના મુખ્ય પ્રવેશદ્વાર પર મારેલા તાળાની ચાવી ન હતી. તેણે એ સૂચનનો ઇનકાર કર્યો કે ૭મી એપ્રિલ, ૧૯૯૫ ની સવારે ફરિયાદી સાક્ષી –૧ તેની પાસે એ જાણ કરવા આવ્યા હતા કે કમ્પાઉન્ડના નાના દરવાજા પર મારેલું તાળું ખૂલેલું હતું અને તે ફરિયાદી સાક્ષી –૯ સાથે મકાન તરફ ગયો હતો જેને તે રસ્તામાં મળ્યો હતો અને જોયું કે મકાનના નાના દરવાજાનું તાળું ગાયબ હતું. તેણે એ સૂચનનો પણ ઇનકાર કર્યો કે તેણે, ત્યારબાદ, મકાનનો મુખ્ય દરવાજો ખોલ્યો અને જગ્યામાં પ્રવેશ કર્યો અને તેને આશ્ચર્ય થયું કે મૃતકનું શબ બાથરૂમમાં કેવી

રીતે પડ્યું હતું કારણ કે મકાનની ચાવી તેની પાસે હતી અને તે પોતે અને તેના પુત્ર, અપીલકર્તા સિવાય અન્ય કોઈ મકાનમાં પ્રવેશી શકતું ન હતું. તેણે પોતાના પુત્રની પૂછપરછ કરી હોવાનો પણ ઇનકાર કર્યો જેણે મૃતક મેરિટાની હત્યા કરી હોવાનું અને તેના સોનાના ઘરેણાં પડાવી લીધા હોવાનું કબૂલ્યું હતું.

તેવી જ રીતે, ફરિયાદી સાક્ષી –૧૭ એ સી.આર.પી.સી. ની કલમ ૧૬૧ હેઠળના પોતાના નિવેદનમાં કરેલા નિવેદનનો ઇનકાર કર્યો કે ફરિયાદી સાક્ષી –૧૩ તા. ૯.૪.૧૯૯૫ ના રોજ સાંજે લગભગ ૪ વાગ્યે તેની પાસે આવ્યો હતો અને રડ્યો હતો અને તેને કહ્યું હતું કે તેના પુત્રએ મેરિટાની હત્યા કરી હતી.

તેથી, ફરિયાદી સાક્ષી –૧૩ અને ફરિયાદી સાક્ષી –૧૭ ના પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે તેઓએ ફરિયાદપક્ષના એ કેસનો વિરોધ કર્યો હતો કે મકાનના મુખ્ય દરવાજાની ચાવી ફરિયાદી સાક્ષી –૧૭ દ્વારા ફરિયાદી સાક્ષી –૧૩ ને આપવામાં આવી હતી. જ્યાં સુધી ફરિયાદી સાક્ષી –૧ અને ફરિયાદી સાક્ષી –૯ ના પુરાવાનો સંબંધ છે, ટ્રાયલ કોર્ટે જોયું કે આ સાક્ષીઓ દ્વારા આપવામાં આવેલી બે આવૃત્તિઓ વચ્ચે કોઈ સુસંગતતા ન હતી. જ્યારે ફરિયાદી સાક્ષી –૧ એ જણાવ્યું કે તેમણે મકાનનો બહારનો દરવાજો તાળું ખૂલેલો જોયો હતો અને તે અંગે ફરિયાદી સાક્ષી –૯ ને જાણ કરી હતી જેમણે બદલામાં ફરિયાદી સાક્ષી –૧૩ ને જાણ કરી હતી, ફરિયાદી સાક્ષી –૯ ના જણાવ્યા મુજબ, તે ફરિયાદી

સાક્ષી –૧ સાથે હતો જ્યારે તેઓએ જોયું કે મકાનનો દરવાજો ખુલ્લો હતો અને તેણે જઈને તે અંગે ફરિયાદી સાક્ષી –૧૩ ને જાણ કરી જે પછી તેઓ બંને મકાન તરફ ગયા અને મુખ્ય દરવાજો ખોલ્યો અને મૃતકનું શબ જોયું. બીજી બાજુ, સાક્ષીના પાંજરામાં ફરિયાદી સાક્ષી –૧૩ ને એક સૂચન કરવામાં આવ્યું હતું કે ફરિયાદી સાક્ષી –૧ પોતે તેની પાસે આવ્યા હતા અને ગાયબ તાળા અંગે તેને જાણ કરી હતી અને પછી ફરિયાદી સાક્ષી –૧૩ એકલો મકાન તરફ ગયો હતો, અને તેના રસ્તામાં ફરિયાદી સાક્ષી –૯ ને મળ્યો હતો જે પણ તેની સાથે મકાન સુધી ગયો હતો અને જ્યારે દરવાજો ખોલવામાં આવ્યો ત્યારે હાજર હતો. ઉપરોક્ત સાક્ષીઓના પુરાવામાં જોવા મળેલી આ અસંગતતાઓએ ટ્રાયલ કોર્ટને એવું ઠરાવવા તરફ દોરી કે ફરિયાદપક્ષ આ સંજોગ સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયો. ટ્રાયલ કોર્ટના જણાવ્યા મુજબ જો ફરિયાદી સાક્ષી –૧૩ પાસે મકાનની ચાવી હોત, તો તપાસ અધિકારીએ ચોક્કસપણે સદર ચાવી જપ્ત કરી હોત. આવા તર્ક પર, ટ્રાયલ કોર્ટ એ નિષ્કર્ષ પર આવી કે પાંચમો સંજોગ વાજબી શંકાથી પર સાબિત થયો ન હતો.

છઠ્ઠો સંજોગ તા. ૭.૪.૧૯૯૫ ના રોજ આરોપીની ધરપકડ સાથે સંબંધિત હતો. ટ્રાયલ કોર્ટે આ સંજોગ સ્થાપિત થયેલો જોયો કારણ કે પુરાવાએ સ્પષ્ટપણે સાબિત કર્યું કે તેની ધરપકડ ફરિયાદી સાક્ષી –૨૧ દ્વારા તા. ૭.૪.૧૯૯૫ ના રોજ કરવામાં આવી હતી.

સાતમો સંજોગ ગુનાહિત વસ્તુઓ કબજે કરવા સાથે સંબંધિત હતો. ટ્રાયલ કોર્ટે સર્કલ પોલીસ ઇન્સ્પેક્ટર ફરિયાદી સાક્ષી –૨૧ ના પુરાવા પર વિચાર કર્યો જેમને અપીલકર્તાએ એક નિવેદન આપ્યું હતું જેના પરિણામે મૃતકના સોનાના ઘરેણાં વગેરે જેવી ગુનાહિત વસ્તુઓ કબજે થઈ હતી. આ સંબંધમાં, ટ્રાયલ કોર્ટે પંચ સાક્ષી ફરિયાદી સાક્ષી –૪ અને ફરિયાદી સાક્ષી –૨૦ ના પુરાવા પર તેમજ દુકાનના માલિક ફરિયાદી સાક્ષી –૧૧ ના પુરાવા પર પણ આધાર રાખ્યો હતો જ્યાંથી અપીલકર્તાની દોરવણીથી સોનાની ચેઇન કબજે કરવામાં આવી હતી. આ અને અન્ય સાક્ષીઓના પુરાવા પર વિચાર કર્યા પછી ટ્રાયલ કોર્ટે નિષ્કર્ષ કાઢ્યો કે ફરિયાદપક્ષે વાજબી શંકાથી પર સાબિત કર્યું છે કે મૃતકના સોનાના ઘરેણાં અપીલકર્તાના સ્વેચ્છાએ આપેલા નિવેદનને અનુસરીને તેની દોરવણીથી કબજે કરવામાં આવ્યા હતા.

વધારાની–ન્યાયિક કબૂલાત પર ફરિયાદપક્ષ દ્વારા આઠમા સંજોગ તરીકે આધાર રાખવામાં આવ્યો હતો. જોકે, ફરિયાદી સાક્ષી –૧૩, જેની સમક્ષ કથિત રીતે કબૂલાત કરવામાં આવી હતી, અને ફરિયાદી સાક્ષી –૧૭, જેમને ફરિયાદી સાક્ષી –૧૩ એ બાબત જણાવી હતી, બંને ફરિયાદપક્ષ તરફ પ્રતિકૂળ બન્યા તે હકીકતને ધ્યાનમાં લેતાં, આ સંજોગ સાબિત થઈ શક્યો નહિ.

નવમો સંજોગ આરોપીના શરીર પર મળેલી ઈજાઓ સાથે સંબંધિત હતો. ટ્રાયલ કોર્ટે આરોપીના શરીર પર મળેલી ઈજાઓ નોંધી જે ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ મૃતકની હત્યા કરવાનો પ્રયાસ કરતી વખતે ઝપાઝપીમાં તેને થઈ હોઈ શકે છે. ટ્રાયલ કોર્ટે ફરિયાદી સાક્ષી –૬ ડૉ. મહાબળેશ્વર વૈદ્ય અને ફરિયાદી સાક્ષી –૮ ડૉ. વિષ્ણુમૂર્તિ રાવ (પ્રતિકૂળ જાહેર કરાયેલા) ના પુરાવા પર વિચાર કર્યો. સરકારી હોસ્પિટલ, ઉડુપીના મેડિકલ ઓફિસર ફરિયાદી સાક્ષી –૬ ડૉ. મહાબળેશ્વર વૈદ્યએ જણાવ્યું કે તેમણે તા. ૭.૪.૧૯૯૫ ના રોજ રાત્રે લગભગ ૯.૧૫ વાગ્યે અપીલકર્તાની તપાસ કરી હતી જ્યારે તેને એક પોલીસ કોન્સ્ટેબલ દ્વારા તેમની સમક્ષ લાવવામાં આવ્યો હતો. અપીલકર્તાએ તેમને જણાવ્યું હતું કે મૃતક પર છરી વડે ઈજાઓ કરતી વખતે તેને આ ઈજાઓ થઈ હતી. તેમને અપીલકર્તા પર નીચેની ઈજાઓ જણાઈ હતી :–

> "૧) જમણી તર્જની આંગળીના હથેળીના ભાગ પર પ્રથમ અને બીજા ફાલેન્ક્સના જોડાણ પર ત્રાંસી રીતે સ્થિત ૧" x ૧/૨" x સ્નાયુ ઊંડો કચડાયેલો ઘા.
>
> ૨) અનામિકા આંગળીના હથેળીના ભાગ પર નિકટવર્તી ફાલેન્ક્સ પર રજ્જૂઓ ખુલ્લા કરતો ૨" x ૧/૨" x સ્નાયુ ઊંડો માપનો કચડાયેલો ઘા.
>
> ૩) મધ્યમા આંગળી પર નિકટવર્તી અને આંતર ફાલેન્જીસના જોડાણ પર ૧–૧/૨" x ૧/૨" x સ્નાયુ ઊંડી સાઇઝની કચડાયેલી ઈજા.

૪) ટચલી આંગળીના પ્રથમ અને બીજા નિકટવર્તી ફાલેન્ક્સના જોડાણ પર નીચેના રજ્જૂઓ અને સ્નાયુઓને ખુલ્લા કરતો ૧–૧/૨" લાંબો અંશતઃ ટાંકા લીધેલો ઘા.

૫) ડાબા અંગૂઠાના મૂળથી ૧" નીચે થેનાર એમિનન્સ પર ડાબા હાથ પર ૩/૪" x ૧/૨" x ચામડી ઊંડો માપનો એક કપાયેલો ઘા".

તેમના મતે, ઈજા નંબરો ૨, ૩ અને ૪ સ્વરૂપમાં ગંભીર હતી અને અન્ય ઈજાઓ સાદી હતી. તેમને ઈજા નંબર ૪ ટાંકા લીધેલી જણાઈ જે દર્શાવતી હતી કે અપીલકર્તાની અગાઉ સારવાર કરવામાં આવી હતી. તેમણે એ પણ જુબાની આપી કે જો આરોપીએ ઝપાઝપી દરમિયાન છરી (એમ.ઓ.–૧૪) નું પાનું પકડ્યું હોય, તો ઈજા નં. ૧ થી ૪ થઈ શકી હોત. જોકે, તેમના દ્વારા આપવામાં આવેલા ઘાના પ્રમાણપત્ર આંક પી–૯ માં તેમણે નોંધ્યું હતું કે ઈજાઓ ૧ થી ૪ બુઠ્ઠી વસ્તુ દ્વારા થઈ શકે છે. ટ્રાયલ કોર્ટે ફરિયાદી સાક્ષી –૮ ડૉ. રાવના પુરાવા પર પણ ધ્યાન આપ્યું જેમને એવું સૂચન કરવામાં આવ્યું હતું કે આરોપીએ તપાસ સમયે તેમને કહ્યું હતું કે નાળિયેર કાપતી વખતે તેને ઈજાઓ થઈ હતી. આ ફરિયાદી સાક્ષી –૬ ડૉ. વૈદ્ય સમક્ષ તેણે જે જણાવ્યું હોવાનું આક્ષેપ છે તેનાથી વિરોધાભાસી હતું. ટ્રાયલ કોર્ટે વધુમાં ઠરાવ્યું કે ફરિયાદી સાક્ષી –૬ ના જણાવ્યા મુજબ, ઈજાઓનું આયુષ્ય તેમની તપાસના ૧૨ થી ૨૪ કલાક પહેલાંનું હતું જે તા. ૭.૪.૧૯૯૫ ના રોજ રાત્રે લગભગ ૯.૧૫ વાગ્યે થઈ હતી. જો તપાસના ૧૨

થી ૨૪ કલાક પહેલાં ઈજાઓ થઈ હોત, તો ઈજાઓ ૬.૪.૧૯૯૫ ના રોજ રાત્રે ૯.૧૫ વાગ્યા અને ૭.૪.૧૯૯૫ ના રોજ સવારે ૯.૧૫ વાગ્યા વચ્ચે થઈ હોત અને ૬.૪.૧૯૯૫ ના રોજ સવારે ૯.૩૦ વાગ્યા અને ૧૦ વાગ્યા વચ્ચે નહીં. ટ્રાયલ કોર્ટે, તેથી, એવો નિષ્કર્ષ કાઢ્યો કે અપીલકર્તાને થયેલી ઈજાઓ મૃતક સાથેની ઝપાઝપી દરમિયાન થઈ હતી તે સંજોગ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયો હતો.

ફરિયાદપક્ષ વતી એવી રજૂઆત કરવામાં આવી હતી કે મૃતકના કપડાં એમ.ઓ. નં. ૧ થી ૪ ઇન્ક્વેસ્ટ પંચનામા આંક પી૮ હેઠળ જપ્ત કરવામાં આવ્યા હતા અને અપીલકર્તાની દોરવણીથી કબજે કરવામાં આવેલી છરી તેમજ તેના કપડાં એમ.ઓ. નં. ૧૪ થી ૧૬ તેના સ્વેચ્છાએ આપેલા નિવેદન આંક પી૨૮ ને અનુસરીને જપ્ત કરવામાં આવ્યા હતા. જપ્તીઓને બચાવપક્ષ દ્વારા પડકારવામાં આવી ન હતી અને જપ્ત કરાયેલા કપડાં તેમજ છરી પર લોહીના ડાઘ હોવાથી, તેમને નિષ્ણાતો દ્વારા તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. કેમિકલ એક્ઝામિનરનો રિપોર્ટ આંક પી૨૫ અને સેરોલોજિસ્ટનો રિપોર્ટ આંક પી૨૬ એ શંકાથી પર સાબિત કર્યું કે આ તમામ વસ્તુઓ પર મળેલું લોહી માનવ મૂળનું હતું અને એક જ રક્ત જૂથ એટલે કે એબી ગ્રૂપથી ખરડાયેલું હતું. મૃતકના કપડાં, અપીલકર્તાના કપડાં અને છરી માનવ મૂળના સમાન રક્ત જૂથથી ખરડાયેલા મળી આવ્યા હોવાથી તે દર્શાવે છે કે જ્યારે મૃતક જીવલેણ રીતે ઘાયલ થઈ ત્યારે

આરોપી તેની ખૂબ નજીક હતો. આ પોતે જ અપીલકર્તા વિરુદ્ધ એક મજબૂત ગુનાહિત સંજોગ હતો. *અશોક કુમાર* વિ. *સ્ટેટ (દિલ્હી એડમિનિસ્ટ્રેશન)*, [૧૯૯૫] સપ્લિ. ૩ એસ.સી.સી. ૬૨૬ માં આ કોર્ટના નિર્ણય પર આધાર રાખવામાં આવ્યો હતો. જોકે, ટ્રાયલ કોર્ટે ઠરાવ્યું કે ડી.ડબલ્યુ. ૧ ડૉ. બી. જયપ્રકાશ શેટ્ટીના પુરાવા અને તેમના અહેવાલે સ્થાપિત કર્યું કે અપીલકર્તા જન્મથી જ તેના બંને હાથમાં વિકૃતિના કારણે બંનેમાંથી કોઈપણ હાથ વડે મજબૂત પકડ સાથે કોઈપણ વસ્તુ પકડી શકતો ન હતો. કોર્ટે એ પણ અવલોકન કર્યું કે અપીલકર્તાના બંને હાથની તમામ આંગળીઓમાં વિકૃતિ હતી અને તેથી, એવું જણાતું હતું કે તે બંનેમાંથી કોઈપણ હાથ વડે સંભવતઃ કોઈપણ વસ્તુ મજબૂત રીતે પકડી શકતો ન હતો. અપીલકર્તાએ તેના હાથની વિકૃતિની તપાસ કરવા અને તેનો રિપોર્ટ રજૂ કરવા માટે ડિસ્ટ્રિક્ટ વેનલોક હોસ્પિટલ, મેંગલોરના ડી.ડબલ્યુ.૧ ડૉ. જયપ્રકાશ શેટ્ટી સમક્ષ તેને રજૂ કરવા સુપરિન્ટેન્ડેન્ટ, ડિસ્ટ્રિક્ટ જેલ, મેંગલોરને નિર્દેશ આપવાની માંગ કરતી અરજી દાખલ કરી હતી. જોકે આ અરજીનો ફરિયાદપક્ષ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો, કોર્ટે અરજી મંજૂર કરી અને સુપરિન્ટેન્ડેન્ટ, ડિસ્ટ્રિક્ટ જેલ, મેંગલોરને આરોપીને ડી.ડબલ્યુ.૧ સમક્ષ રજૂ કરવાનો નિર્દેશ જારી કરવામાં આવ્યો, જેમણે ત્યારબાદ તેની તપાસ કરી અને પોતાનો રિપોર્ટ રજૂ કર્યો. ડૉ. શેટ્ટીની ડી.ડબલ્યુ.૧ તરીકે તપાસ કરવામાં આવી. તેમણે તેના બંને હાથની આંગળીઓની વિકૃતિનું વર્ણન કર્યું અને તેમના મતે અપીલકર્તા બંનેમાંથી કોઈપણ હાથ વડે મજબૂત પકડ સાથે કોઈપણ વસ્તુ પકડવા સક્ષમ ન હતો. વિકૃતિ તેના જન્મથી જ હતી અને, તેથી,

